# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદૂકપુર, ગોધરા, જિલ્લો પંચમહાલ, પિન કોડ ૩૮૯૦૦૧

નં. એસજીજીયુ/એકેડેમિક/૨૦૧૯/ ૪૩૧૬૨ તા.૧૯/૦૮/૨૦૧૯

## એમ.ફિલ. પ્રવેશ પરીક્ષા - ૨૦૧૯

એમ.ફિલ. વિનયન (સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, ઇતિહાસ) અને વાણિજ્ય વિદ્યાશાખામાં નોંધણી માટેની પ્રવેશ પરીક્ષાનાં ફોર્મ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in માંતા.૦૫/૦૯/૨૦૧૯ સુધીમાં online form ભર્યા બાદ, પ્રવેશ પરીક્ષા ફી ૫૦૦/- અને ઓનલાઈન ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ જરૂરી ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત નકલ સાથે તા.૦૫/૦૯/૨૦૧૯ સુધીમાં (ચોથો શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારે ૧૧:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રેહશે. અન્યથા પ્રવેશ ફોર્મ અમાન્ય રેહશે. ઉમેદવારના અનુસ્નાતક પરીક્ષામા ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) ગુણ તેમજ SC/ST/OBC/EWS તથા શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને ૫૦% (ગ્રેસીંગ સિવાય) ગુણ જરૂરી છે. પ્રવેશ પરીક્ષાનાં કાર્યક્રમ અંગેની વિગતવાર માહિતી, ઉમેદવારોના સીટ નંબર, વિષયવાર ઉપલબ્ધ સીટની માહિતી હવે પછી વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.

સ્થળ: ગોધરા

કા) કુલસચિવ

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

## એમ.ફિલ. પ્રવેશ પરીક્ષા - ૨૦૧૯ અંગેના નિયમો અને સુચનાઓ

| ક્રમ | સુચનાઓ |
|---|---|
| ૦૧ | શૈક્ષણિક લાયકાતના ધોરણો:- OPEN કેટેગરીના વિધાર્થીઓ માટે અનુસ્નાતક પરીક્ષામાં 55% (ગ્રેસીંગ સિવાય) અને SC, ST, OBC (SEBC) તથા PH કેટેગરીના વિધાર્થીઓ માટે અનુસ્નાતક પરીક્ષામાં 50% (ગ્રેસીંગ સિવાય) ગુણ જરૂરી છે. |
| ૦૨ | પ્રવેશ પરીક્ષા ફી: રૂ. ૫૦૦/- + ઓનલાઇન પેમેન્ટ ગેટવે ચાર્જ (પ્રવેશ પરીક્ષા ફી નોન રીફંડેબલ છે.) |
| ૦૩ | પ્રવેશ પરીક્ષાના વિષયોની યાદી તેમજ પ્રવેશ પરીક્ષાનુ માધ્યમ અને અભ્યાસક્રમની માહિતી વેબસાઇટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૦૪ | એમ.ફિલ. પ્રવેશ પરીક્ષાના ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિધાર્થીઓએ સ્વપ્રમાણિત અનુસ્નાતક પરીક્ષાની માર્કશીટ, જાતી-પ્રમાણપત્ર, ખોડખાંપણનું પ્રમાણપત્ર, પોતાની સહી અને ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે. OBC (SEBC) કેટેગરીના વિધાર્થીઓએ સરકારશ્રીના નિયમો મુજબનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર ભવનના અધ્યક્ષ સમક્ષ ડી.આર.સી. સમયે રજુ કરવાનુ રહેશે. |
| ૦૫ | શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની માન્ય કોલેજોમાં અનુસ્નાતક થયેલ હોય, તે સિવાયના ગુજરાત રાજ્યની યુનિવર્સિટી કે અન્ય માન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓએ પ્રવેશ પરીક્ષા પાસ કરી એલીજીબલ હોય તેવા જ વિદ્યાર્થીઓ માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) લેવું ફરજીયાત છે. |
| ૦૬ | એમ.ફિલ. પ્રવેશ પરીક્ષા ઓફલાઈન લેવામાં આવશે. આ પરીક્ષાનું કેન્દ્ર ગોધરા રહેશે. વિધાર્થીઓના સીટ નંબર, પરીક્ષાની તારીખ, સમય, કેન્દ્ર સ્થળ વિગેરેની માહિતી વેબસાઈટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૦૭ | પ્રશ્નપત્રનું માળખુ : ૧૦૦ બહુવૈકલ્પિક પ્રશ્નો (Multiple Choice Questions) ૧૦૦ ગુણ, સમય :૦૨ કલાક, ખોટા જવાબ માટે નકારાત્મક ગુણ પ્રદાન પ્રણાલી નથી. (No Negative Marking for Wrong Answer) ૫૦ ગુણના પ્રશ્ન સંશોધનની પધ્ધતિઓ (Research Methodology) અને ૫૦ ગુણના પ્રશ્નો સંબંધિત વિષયના પુછવામાં આવશે. |
| ૦૮ | પ્રવેશ પરીક્ષાના પાસીંગના ધોરણો : પ્રવેશ પરીક્ષામાં પાસીંગના ધોરણો યુ.જી.સી. રેગ્યુલેશન મુજબના રહેશે. |
| ૦૯ | અનુસ્નાતક પદવી જે વિષયમાં હોય તે જ વિષયમાં એમ.ફિલ. પ્રવેશ પરીક્ષા આપી શકાશે. |
| ૧૦ | પ્રવેશ પરીક્ષામાં કેલ્કયુલેટર, મોબાઈલ કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક્સ ઉપકરણનો ઉપયોગ કરવાની કે સાથે લઈ જવાની મનાઈ રહેશે. |
| ૧૧ | વિસ્યુઅલ હેંડિકેપ (Visual Handicap) કેટેગરીના વિધાર્થીઓએ રાઇટર માટેની પરવાનગી અગાઉથી મેળવવાની રહેશે. |
| ૧૨ | આ પ્રવેશ પરીક્ષા સંબંધિત અન્ય માહિતીઓ સમયાંતરે www.sggu.ac.in વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. વધુ માહિતી માટે ઉમેદવારોએ વેબસાઈટના સંપર્કમાં રહેવું. |
| ૧૩ | એમ.ફિલ. પ્રવેશ પરીક્ષા સંબંધિત કોઈપણ પ્રકારના આખરી નિર્ણય લેવાની સત્તા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની રહેશે. |